# જિલ્લામાં સ્વાઈન ફ્લુથી વધુ એક મહિલાનું મૃત્યુ

**ભોંયણરાઠોડની મહિલાનું આજે સારવાર દરમ્યાન મૃત્યુ થયું : કુલ મૃત્યુઆંક ૯ પર પહોંચ્યો**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુથી આજે વધુ એક દર્દીનું મૃત્યુ નીપજ્યુ છે. આ સાથે સ્વાઈન ફ્લુથી મૃત્યુ પામાનર દર્દીઓની સંખ્યા ૯ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના ભોંયણ રાઠોડ ગામની ૪૯ વર્ષીય મહિલાને બે દિવસ અગાઉ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયો હતો. આજે સારવાર દરમ્યાન આ મહિલાનું મૃત્યુ થયું છે.

ગાંધીનગર જિલ્લામાં આજના આ મોત સાથે સ્વાઈન ફ્લુથી મૃત્યુ પામાનર દર્દીની સંખ્યા ૯ પર પહોંચી છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૪, માણસામાં ૧ અને કલોલમાં એક દર્દીનું મોત થયું છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૮ કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૧૧, માણસામાં ૧, દહેગામમાં ૩ અને કલોલમાં ૩ કેસ નોંધાયા છે.

જિલ્લામાં સ્વાઈન ફ્લુથી મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યામાં થઈ રહેલા વધારાથી સમગ્ર તંત્રમાં શોકની લાગણી જોવા મળી રહી છે.

# સે-૨૪માં વિવાદાસ્પદ દબાણો હટાવાયા

**દબાણતંત્ર આજ ફરી ત્રાટક્યુ : સે-૨૪ શ્રીનગર વિસ્તારમાં ૧૦ થી વધુ પાકા દબાણો પર તંત્રએ બુલડોઝર ફેરવી દીધુ**

ગાંધીનગર તા ૨૭

શહેરના સે-૨૪ માં આજે દબાણતંત્ર ત્રાટક્યુ હતુ. સેકટરના શ્રીનગર વિસ્તારમાં રહેણાંકના કોર્મશિયલ દબાણો પર બુલડોઝર ફેરી વળતા સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો હતો. સે-૨૪ માં દબાણ દુર કરવાની કામગીરી દરમિયાન વિવાદાસ્પદ દબાણો પણ દુર કરાયા હતા દિવસ દરમિયાન સેકટરમાં ૧૦ થી વધુ પાકા દબાણોનો સફાયો કરવામાં આવ્યો હતો.

ગાંધીનગરમાં છેલ્લા બે સપ્તાહથી દબાણ હટાવ ઝુંબેશ ટોક ઓફ ધ ટાઉન બની છે. શહેરના સે-૨૪ માં દબાણોની ભરમાર વચ્ચે અનેક સમસ્યાઓ ઉદભવી છે. સે-૨૪ માં થોડા દિવસો અગાઉ જ તંત્ર દ્વારા પાકા દબાણોનો સફાયો કરવામાં આવ્યો હતો. જેમાં હાઉસીંગના મકાનોમાં ઉભી કરાયેલી કોર્મશિયલ દુકાનોના બાંધકામ દુર કરાયા હતા. સેકટરમાં દબાણોનો સફાયો કરવા માટે તંત્રએ કડક વલણ અપનાવતા સ્થાનિકોમાં પણ ફફડાટ પ્રવર્તયો હતો. જયારે અનેકવિધ બિલ્ડીંગોમાં દુકાનો ઉભી કરવા માટે વધારાનુ બાંધકામ પણ કરી દેવાયુ હોવાનુ ધ્યાને આવતા તંત્ર દ્વારા બીજા તબક્કામાં પણ દબાણો દુર કરવા આયોજન કરવામાં આવ્યુ હતુ. અગાઉ હાઉસીંગના દબાણો દુર કરાયા બાદ સેકટરમાં અન્ય પાકા દબાણોને પણ ટાર્ગેટ બનાવાયા હતા. દબાણો દુર કરવાની કામગીરી દરમિયાન વેપારીઓ માટે પણ મુંઝવણ ઉભી થઈ હતી. એકબાજુ નગરમાં રહેણાંક વિસ્તારમાં હેતુફેરના

● અનુસંધાન પાન-૭ પર



# પેથાપુરની પેટા ચૂંટણીમાં કોંગ્રેસ વિજયી

**કોંગ્રેસના હંસાબા કનુસિંહ વાઘેલાએ ભાજપના ઉમેદવારને ૬૦૦ મતથી પરાજય આપ્યો : કાર્યકરોમાં ખુશીનો માહોલ : મતદારોનો આભાર માનતા હંસાબા વાઘેલા**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરને અડીને આવેલ પેથાપુર નગરપાલિકાની વોર્ડ નં. ૪ની એક બેઠક પર કોંગ્રેસે ભવ્ય



વિજય મેળવી અને ભાજપ પાસેથી આ બેઠક આંચકી લેવા ઉપરાંત ભાજપના ગઢમાં ગાબડુ પાડવામાં પણ સફળતા મેળવી છે.

આજે સવારે ૧૦ વાગે ગાંધીનગર મામલતદાર કચેરીમાં મતગણતરીનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. ૧૫ મિનિટમાં જ ગણતરીનું કામકાજ પૂર્ણ થઈ ગયુ હતુ.

પ્રથમ રાઉન્ડથી જ કોંગ્રેસના હંસાબા વાઘેલા ભાજપના ઉમેદવાર પર સરસાઈ ધરાવતા હતા. ત્રીજા બુથની ગમતરી વેળાએ તો તેમની સરસાઈ ૩૦૦થી વધુ મતની થઈ હતી.

૪થા બુથની ગણતરીને અંતે તેમની સરસાઈ વધીને ૬૦૦ થઈ હતી. જેમને પ્રાંત અધિકારી ઋતુરાજ દેસાઈએ વિજેતા જાહેર કર્યા હતા.

આ મતગણતરીમાં કોંગ્રેસના ઉમેદવાર હંસાબા કનુસિંહ વાઘેલાને ૧૧૬૪ મત મળ્યા હતા. જ્યારે ભાજપના ફાલ્ગુનીબેન વાઘેલાને ૫૦૮ મત અને અપક્ષ ઉમેદવાર જ્યોત્સનાબા વાઘેલાને ૮૭ મત મળ્યા હતા. જ્યારે નોટાને ૩૭ મત મળ્યા હતા.

અપક્ષ ઉમેદવારે તેમની ડિપોઝીટ ગુમાવી છે. આ પેટા ચૂંટણીમાં ૧૭૯૮ મતદારોએ મતદાન કર્યુ હતુ. આ વોર્ડમાં ૨૯૦૦ જેટલા મતદારો નોંધાયેલા હતા અને ૪ બુથ હતા. ચૂંટણી પ્રક્રિયા સંપૂર્ણ શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ હતી.

આજે મતગણતરીના સ્થળે કોંગ્રેસના હંસાબા કનુસિંહ વાઘેલા વિજયી જાહેર થતાં જ કાર્યકરોએ ગુલાલ ઉડાડી અને સૂત્રોચ્ચાર કરી વાતાવરણ ગજવી દીધુ હતુ.

વિજય બાદ હંસાબા વાઘેલાએ મતદારોએ તેમનામાં વ્યક્ત કરેલા વિશ્વાસ માટે સૌનો આભાર માન્યો હતો.

**ગાંધી જયંતિથી અધિકારીઓ ગામડાંઓ ફરી**

# પ્રજાના પ્રશ્નો ઉકેલવાનુ અભિયાન આરંભાશે

**ખાસ ગ્રામસભા અભિયાન ૨જી ઓક્ટો.થી શરૂ થશે જેમાં ૧૮ વિભાગોના અધિકારીઓ જશે : દરરોજની એક તાલુકામાં બે જ ગ્રામસભા યોજાશે**

ગાંધીનગર, તા. ૨૭

આગામી ૨જી ઓક્ટો.થી જિલ્લામાં ગ્રામસભા અભિયાનનો આરંભ થશે અને જે ૩૧મી ડિસેમ્બર સુધી ચાલશે.

મળતી વિગતો પ્રમાણે આ ગ્રામસભા અભિયાન મહત્વનું બની રહેશે. દરરોજની એક તાલુકામાં માત્ર બે જ ગ્રામસભા યોજવાની રહેશે. આ ગ્રામસભામાં ૧૮ વિભાગોના અધિકારીઓએ ફરજીયાત ઉપસ્થિત રહેવાનું છે.

આ ગ્રામસભા અભિયાનમાં વિલેજ ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવામાં આવશે. તેમજ મિશન અંત્યોદયની ખાસ સમીક્ષા પણ કરવામાં આવશે. આ ગ્રામસભામાં વિકાસના કામોની સમીક્ષા ઉપરાંત આગામી પાંચ વર્ષ દરમ્યાન હાથ ધરવાના કામોની અગ્રતા નક્કી કરવામાં આવશે.

૧૪મા નાણાં પંચની ગ્રાન્ટના વપરાશને લઈ સોશ્યલ ઓડિટની જે કામગીરી બાકી છે તે પૂર્ણ કરવામાં આવશે.

પંચાયત વિભાગ સાથે સંકળાયેલ સૂત્રોના જણાવ્યાનુસાર ગાંધીજીની જન્મ જયંતિના ૧૫૦ વર્ષની ઉજવણીને લક્ષમાં રાખી

● અનુસંધાન પાન-૭ પર

# બોરીજમાં હવે સર્વેના અંતે દબાણો દુર કરવાનુ આયોજન કરાશે

**નદીના તટ સુધી વિસ્તરેલા દબાણો પૈકી ગામતળ અને ધાર્મિક સિવાયના પાકા દબાણો દુર કરવા માટે આયોજન કરાશે**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરના બોરીજ ગામમાં હાથ ધરાયેલી દબાણ ઝુંબેશ દરમિયાન ૨૫૪ જેટલા પાકા દબાણો દુર કરાયા હતા જયારે હજુ પણ બોરીજમાં નદીના તટ સુધીના વિસ્તારમાં દબાણા પાંગરેલા હોવાથી તંત્ર દ્વારા દબાણોના મામલે સર્વે હાથ ધરાશે. જયારે સર્વેના અંતે દબાણોનુ પૃથ્થકરણ કરીને આગળ જિલ્લા કલેકટરની સુચના મુજબ દબાણો દુર કરવા કાર્યવાહી હાથ ધરાશે. જો કે બોરીજમાં ગામતળનુ બાંધકામ દુર કરવામાં નહી આવે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

શહેરમાં દબાણ હટાવ ઝુંબેશ તેજ ગતિએ હાથ ધરવામાં આવી છે.જો કે એકબાજુ વધારાનુ બાંધકામ દુર કરવાની સાથે તંત્ર દ્વારા નગરના રહેણાંક વિસ્તારમાં ધમધમતી દુકાનો પણ સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.હેતુફેરના મુદ્દે પણ દુકાનો સામે તવાઈ બોલાવી છે. ત્યારે વેપારીઓ માટે પણ ચિંતાનો વિષય ઉભો થયો છે. બીજીતરફ વધારાનુ બાંધકામ તાંણી બંધાયુ હોય તેવા કીસ્સામાં દબાણો દુર કરવા માટે પણ તંત્રએ અભિયાન હાથ ધર્યુ છે. અગાઉ માર્ગ મકાન વિભાગ, કોર્પોરેશન તેમજ જિલ્લાના દબાણતંત્રની ટીમ દ્વારા બોરીજમાં દબાણો દુર કરવા માટે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યુ હતુ.આ દરમિયાન મેન પાવર અને મશીનરી સાથે ત્રાટકેલી દબાણતંત્રની ટીમે બોરીજમાંથી ૨૫૪ જેટલા દબાણો દુર કર્યા હતા. જયારે હજુ પણ બોરીજમાં નદીના તટ સુધીના વિસ્તારમાં દબાણો પાંગરેલા હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે તંત્ર હવે બોરીજના દબાણો દુર કરવાના મામલે સર્વે હાથ ધરશે જયારે પૃથ્થકરણની પ્રક્રીયાના અંતે જિલ્લા કલેકટરને રીપોર્ટ સુપ્રત કરાશે ત્યારબાદ જિલ્લા કલેકટરની સુચના મુજબ દબાણો દુર કરવા માટે આયોજન કરવામાં આવશે. બારીજમાં હજુ પણ ૫૦૦ જેટલા પાકા દબાણો હોવાનુ મનાય છે જો કે આ દરમિયાન ગામતળ અને ધાર્મિક સિવાયના દબાણો દુર કરવા માટે આયોજન કરવામાં આવશે.

# ગાંધીનગર ખાતે વિશિષ્ટ પ્રકારની મેરાથોન દોડ

**ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન (આઈઆઈટીઈ) ખાતે લર્નીંગ ડીસેબીલીટી અવેરનેશ હાફ મેરેથોન દોડ યોજાઈ : સરિતા ગાયકવાડે લીલીઝંડી બતાવી દોડનો પ્રારંભ કરાવ્યો : ૨૫૦૦ દોડવીરો જોડાયા હતા**

આજ રોજ ગુજરાતના પાટનગર હરિયાળા ગાંધીનગર ખાતે એક વિશિષ્ટ પ્રકારની મેરાથોન દોડનું આયોજન કરવામાં આવ્યું. સમાજમાં લર્નીંગ ડીસેબીલીટી વિષે ઓછી જાણકારી અથવા તો અજ્ઞાનતા પ્રવર્તે છે. જેના લીધે લર્નીંગ ડીસેબીલીટી ધરાવતા બાળકો જોડે દુર્વ્યવહાર, અન્યાય અને મારપીટની ઘટનાઓ ઘટવાની સંભાવના રહે છે. પરંતુ જો લર્નીંગ ડીસેબીલડ બાળકોની યોગ્ય કાળજી લેવામાં આવે તો તે બાળક મોટા થઈને સમાજ જીવનમાં અત્યંત સફળતાના શિખર પર પહોચે છે. હેરી પોર્ટર ફેમ અભિનેતા ડેનિયલ રેડકલીફ, માઈકલ ફેલ્પ્સ, આલ્બર્ટ આઈન્સ્ટાઈન વિગરે જાણીતા લનદ્વાગ ડીસેબીલડ હસ્તીઓના નામ છે. હિન્દુસ્તાનમાં પણ કેટલીક હસ્તીઓ આ રોગથી મૂંઝાતી અને પીડાતી હોય છે. સમાજ આ વિષય પર ગંભીરતાથી વિચારે, વિષય સમજે અને લર્નીંગ ડીસેબીલીટીના બાળકો સુરક્ષિત અવસ્થામાં મોટા થાય તેવું વાતાવરણ ઉભું થાય તે માટે ટીચર એજ્યુકેશન યુનીવર્સીટી – ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન વર્ષોથી કાર્યશીલ છે.



જેના ભાગરૂપે તેના અભ્યાસક્રમમાં લર્નીંગ ડીસેબીલીટીના અભ્યાસક્રમોનો સમાવેશ કર્યા પછી લર્નીંગ ડીસેબીલીટી પર નાટકનું મંચન, નાટકોની ક્લીપીંગ બનાવીને સોશિયલ નેટવર્કીંગ સાઈટ પર સ્થાપન અને લર્નીંગ ડીસેબીલીટી પર શાળાના વિદ્યાર્થીઓની ચિત્ર સ્પર્ધા તથા છેલ્લે આજે, હાફ મેરાથોન દોડનું આયોજન કરી આઈઆઈટીઈ દ્વારા લર્નીંગ ડીસેબીલીટી સામેની લડતને વધુ તેજવાન બનાવવામાં આવી. આ દોડને ખુલ્લી મુકવા માટે, ગુજરાતની સોનેરી પરી અને એશિયન ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક વિજેતા ડાંગની સરિતા ગાયકવાડને વિશેષ આમંત્રણ આપવામાં આવ્યું હતું. જેના પ્રત્યુતરમાં સરિતા ગાયકવાડ તાઃ ૨૬.૦૯.૨૦૧૮ની સાંજે આઈઆઈટીઈ કેમ્પસ ખાતે પહોચ્યા હતા. જ્યાં તેમણે વિદ્યાર્થીઓ જોડે વાર્તાલાપ કરતા પોતાની જીવનગાથા - પોતાની સફળતાની વાર્તા વિદ્યાર્થીઓને કરી હતી. તેમણે વાત કરતા જણાવ્યું હતું કે તેનો ઉદેશ્ય દોડવીર પી. ટી. ઉષાનો રેકોર્ડ તોડવાનો છે.

● અનુસંધાન પાન-૭ પર












Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com